પાયાની સાક્ષરતા અને અંક જ્ઞાન

સમગ્ર શિક્ષા
Samagra Shiksha

ગુજરાત શાળા શિક્ષણ પરિષદ
સ્ટેટ પ્રોજેક્ટ ઓફિસ સમગ્ર શિક્ષા
સેક્ટર-૧૯, ગાંધીનગર
વેબસાઇટ : www.ssagujarat.org
ઇ મેઇલ : gem-gcsess@gujarat.gov.in

પત્રક્રમાંક : એસએસ/કયુઇએમ/૨૦૨૬/ ૩૪૩૧૩ - ૩૫૨ તા.૨૧/૦૭/૨૦૨૬

પ્રતિ

(૧) જિલ્લા પ્રોજેક્ટ કો.ઓર્ડિનેટર અને
જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી
સમગ્ર શિક્ષા, જિલ્લા : તમામ

(૨) એડી. જિલ્લા પ્રોજેક્ટ કો.ઓર્ડિનેટર અને
શાસનાધિકારીશ્રી,
સમગ્ર શિક્ષા, અમદાવાદ, વડોદરા, રાજકોટ, સુરત કોર્પોરેશન

વિષય : બીઆરસી/યુઆરસી/સીઆરસી કો.ઓ.ની નિમણૂક બાદ પ્રતિનિયુકતીનો સમયગાળો પૂર્ણ થતાં પ્રતિનિયુકિત રદ કરવા બાબત

સંદર્ભ : (૧) સંયુકત નિયામકશ્રી પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીની કચેરીનો તા.૨૬/૦૨/૨૦૨૬નો પત્ર
(૨) નોંધ ઉપર માન.એસપીડીશ્રીની મળેલ મંજૂરી અન્વયે

શ્રીમાન,

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે સમગ્ર શિક્ષાના તા.૨૯/૧૧/૨૦૨૩ના બીઆરસી/યુઆરસી/સીઆરસી કો.ઓ.ની પ્રતિનિયુકિતથી ભરતી અને નિમણૂક માટેના નિયમો અંગે પત્રના વિભાગ-(એ)-(IV)ના પેટા ક્રમ-૪(૧)માં બીઆરસી/યુઆરસી/સીઆરસી કો.ઓ.ની પ્રતિનિયુકિતનો સમયગાળો નિયત કરેલ છે. જેમાં નીચે મુજબની જોગવાઈ કરેલ છે.

જોગવાઈ : "<u>બીઆરસી/યુઆરસી/સીઆરસી કો.ઓ.તરીકે મહત્તમ ૦૩ વર્ષ માટે પ્રતિનિયુકિતથી નિમણૂક આપવામાં આવશે. પ્રતિનિયુકિતથી નિમણૂંક મળેથી ઓછામાં ઓછા એક વર્ષ સુધી ફરજિયાત રીતે બીઆરસી/યુઆરસી/સીઆરસી કો.ઓર્ડિનેટર તરીકેની કામગીરી કરવાની રહેશે</u>"

તા.૨૯/૧૧/૨૦૨૩ના પત્રના વિભાગ-(ડી) અને (ઇ) માં પ્રતિનિયુકિતથી નિમણૂક થયેલ બીઆરસી/યુઆરસી/સીઆરસી રાજીનામા મંજૂર કરવા તેમજ પ્રતિનિયુકિત રદ કરવાના સંજોગોમાં અપીલ કરવા અંગેની જોગવાઇ કરવામાં આવેલ છે.

ઉકત જોગવાઇઓમાં ફેરફાર કરવા સંદર્ભ પત્રમાં દર્શાવેલ કારણો તથા સૂચનોને ધ્યાને લઇ સમગ્ર શિક્ષા અંતર્ગત કાર્યરત બીઆરસી/યુઆરસી/સીઆરસી કો.ઓ.ની પ્રતિનિયુકિતનો સમયગાળા દરમ્યાન તેમના રાજીનામા મંજૂર કરવા કે પ્રતિનિયુકિત રદ કરવા માટે નીચે મુજબની જોગવાઇ કરવામાં આવે છે.

<u>મુદ્દો - બીઆરસી/યુઆરસી/સીઆરસી કો.ઓ.ની પ્રતિનિયુકિતનો સમયગાળા દરમ્યાન તેમના રાજીનામા મંજૂર કરવા કે પ્રતિનિયુકિત રદ કરવા અંગે</u>

(એ) પ્રતિનિયુકિત પરના તમામ કાર્યરત બીઆરસી/યુઆરસી/સીઆરસી કો.ઓ.ને તેમની પ્રતિનિયુકિતના ૦૧ વર્ષ બાદ અંગત/કૌટુંબિક/સામાજિક/પારિવારીક/સ્વૈચ્છિક/પોતાની/પત્ની/માતા-પિતા/બાળકોની નાદુરસ્ત તબિયતના કારણોસર રાજીનામું મૂકવાના સંજોગોમાં માત્ર ને માત્ર જે તે વર્ષના એપ્રિલ માસની તા.૦૧ થી ૧૦ સુધીમાં પ્રતિનિયુકિત રદ કરવા રાજીનામાની નિયત અરજી જરૂરી આધારો(વિગતવાર પત્રક આ સાથે સામેલ છે તે મુજબ) સાથે ડીપીસી કક્ષાએ મોકલવા તથા તે દરખાસ્ત જરુરી દસ્તાવેજો સાથે ડીપીસીના અભિપ્રાય સાથે તા.૧૧ થી ૨૦ એપ્રિલ સુધીમાં રાજય કક્ષાએ મોકલવા તથા રાજય કક્ષાએથી તા.૩૦ એપ્રિલ સુધીમાં મંજૂર કરીને, જિલ્લાને મોકલવા નીતિ નકકી કરવામાં આવે છે. સદર બાબતનું હવે પછીના વર્ષથી દર વર્ષે અમલીકરણ કરવાનું રહેશે.

(બી) માત્ર ચાલુ કેલેન્ડર વર્ષ માટે જે બીઆરસી/યુઆરસી/સીઆરસી કો.ઓ.ના પ્રતિનિયુકિત ૦૧ વર્ષ પૂર્ણ થયેલ હોય તેવા તમામ બીઆરસી/યુઆરસી/સીઆરસી કો.ઓ.એ રાજીનામાની અરજી ડીપીસી કક્ષાએ મેળવીને આધારોસહ દરખાસ્ત અત્રેની કચેરીને તા.૨૭, જુલાઇ-૨૦૨૬ સુધી મોકલવા જણાવવામાં આવે છે.

(સી) ઉકત-(એ)ના કારણોસર જે બીઆરસી/યુઆરસી/સીઆરસી કો.ઓ.ની પ્રતિનિયુકિત રદ કરવા અંગેનું રાજીનામુ રાજ્ય કક્ષાએથી મંજૂર થયાના આદેશ થયેથી સંબંધિતને દિન-૧૦માં તાત્કાલિક ધોરણે શિક્ષણ સમિતિને હવાલે મૂકવાની કાર્યવાહી કરવી તથા આ મુજબ ખાલી પડતી જગ્યા માટે પ્રતિક્ષાયાદી ઉપલબ્ધ હોય તો તેમાંથી આ જગ્યા દિન-૧૫માં ભરવા જણાવવામાં આવે છે.

(ડી) પ્રતિનિયુકિત રદ કરી શિક્ષણ સમિતિને હવાલે મૂકવાની કાર્યવાહી કરી આગળની કાર્યવાહી ડીપીઇઓ કક્ષાએથી પ્રાથમિક શિક્ષકોની બદલી અંગેના તા.૧૧/૦૫/૨૦૨૩ના શિક્ષણ વિભાગના ઠરાવ મુજબ તથા તેમાં વખતોવખત થયેલ સુધારા મુજબ કરવા અંગેની જાણ ડીપીસી કક્ષાએથી કરવા જણાવવામાં આવે છે.

(ઇ) ઉક્ત-(એ)માં દર્શાવેલ કારણો સિવાય પ્રતિનિયુકિત પરના બીઆરસી/યુઆરસી/સીઆરસી કો.ઓ.ની કામગીરીની નિષ્ક્રિયતા,નબળી કામગીરી,નૈતિક અધઃપતન,પોલીસકેસ, ગંભીર ગુનાના કારણોસર, નાણાંકીય ઉચાપત કે તેમની સામેની રજૂઆત/ફરિયાદ/તપાસના કિસ્સામાં જરૂરી આધારો/દસ્તાવેજોને આધિન તપાસને અંતે દોષિત જણાય તો પ્રતિનિયુકિત પરના બીઆરસી/યુઆરસી/સીઆરસી કો.ઓ.ની ડીપીસી કક્ષાએથી પ્રતિનિયુકિત રદ કરીને જિલ્લા શિક્ષણ સમિતિને હવાલે મુકવાના રહેશે તથા કરાર પરના સીઆરસી કો.ઓ.ના કરાર સમાપ્ત કરવાનો રહેશે.એટલે કે આવા કિસ્સાઓમાં જે તે બીઆરસી/યુઆરસી/સીઆરસી કો.ઓ.ની પ્રતિનિયુકિત/કરાર જિલ્લા કક્ષાએથી રદ કરી શકાશે. આ માટે રાજ્ય કચેરીની બહાલી મેળવવાની રહેશે નહી.જેની નોંધ લેવા જણાવવામાં આવે છે.

(એફ) ઉક્ત-(ઇ)માં દર્શાવેલ કારણોસર જિલ્લા કક્ષાએથી રદ કરવામાં આવેલ પ્રતિનિયુકિત/કરારના સંજોગોમાં જો અરજદાર જિલ્લા પ્રોજેક્ટ કો.ઓર્ડિનેટરના નિર્ણયથી નારાજ/અસંતોષ હોય તેવા કિસ્સામાં તેઓ પ્રતિનિયુકિત રદ થયેથી દિન-૩૦માં સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટરશ્રીને રજૂઆત કરી શકાશે તે માટે ડીપીસીએ આવા બીઆરસી/યુઆરસી/ સીઆરસી કો.ઓ.ની પ્રતિનિયુકિત રદ કર્યાના આદેશમાં આ શરતનો ફરજિયાત ઉલ્લેખ કરવાનો રહેશે.

(શિલ્પા પટેલ)
સચિવ
સ્ટેટ પ્રોજેકટ ઓફિસ
સમગ્ર શિક્ષા, ગાંધીનગર

<u>નકલ સવિનય રવાના જાણ સારુ :</u>

(૧) માન.અગ્ર સચિવશ્રી(પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ), શિક્ષણ વિભાગ, ગાંધીનગર

(૨) માન.એસપીડીશ્રી સદર કચેરી

(૩) માન.નિયામકશ્રી,પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીની કચેરી,વિદ્યા સમીક્ષા કેન્દ્ર, સેકટર-૧૯, ગાંધીનગર